ગાંધીનગર સમાચાર

**દહેગામમાં સાત વર્ષના બાળક પર ડમ્પરનું ટાયર ફરી વળ્યું**

## @ગાંધીનગર

● હેન્સ ફોર હેલ્પ ગ્રુપના યુવાનો દ્વારા બપોરે ૧૨.૧૫ કલાકે સરગાસણની માનવસ્મૃતિ શાળા ખાતે નૂતન વર્ષની ઉજવણી કરાશે.

● પ્રા-યોગ ટ્રસ્ટ દ્વારા ગીફટ સીટી ટાવર નંબર-૧ના ટેરેસ પર સવારે ૭ કલાકે જીવન સમાધાન યોગ કેમ્પ યોજાશે.

● દિવ્ય જીવન સંઘ તથા ગાયત્રી શકિતપીઠના સંયુકત ઉપક્રમે તા. ૧ થી ૧૦ જાન્યુઆરી સુધી સવારે ૭ કલાક સેકટર-૧, ગાયત્રી શકિતપીઠ ખાતે નિઃશુલ્ક યોગ ધ્યાન શિબિર યોજાશે.

● અરવિંદ કેન્દ્ર અને નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળના ઉપક્રમે તા. ૧, ૨ અને ૩ જાન્યુઆરીના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન નેચરોપેથી દ્વારા નિઃશુલ્ક કુદરતી ઉપચાર પધ્ધતિથી સારવાર કરવામાં આવશે.

● રાજપૂત સમાજ ગાંધીનગર દ્વારા તા. ૧ થી ૧૦ જાન્યુઆરી સુધી સવારે ૬.૩૦ થી ૭.૩૦ કલાક દરમિયાન સેકટર-૧૨, રાજપૂત સમાજ ભવન ખાતે યોગાસન શિબિર યોજાશે.

● સે-૬-બી સ્વામિનારાયણ મંદિર ખાતે શુક્રવારના રોજ સાંજે ૫ થી ૮ કલાક દરમિયાન નૂતન મંદિર નિર્માણનો શિલાન્યાસ સમારોહ તથા શાકોત્સવનો કાર્યક્રમ યોજાશે.

**- નજાહખાનમ સૈયદ**

# શહેરમાં ધનવન્તરી આરોગ્ય રથની સેવા ટુંક સમયમાં શરૂ

ગાંધીનગર, તા.૩૧

રાજયના શહેરી વિસ્તારમાં બાંધકામ ક્ષેત્રે સંકળાયેલા શ્રમિક પરિવારોને આરોગ્યલક્ષી સેવા મફત બાંધકામ સાઈટ પર મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા ધનવન્તરી આરોગ્ય રથ વાનની સુવિધા પુરી પાડવામાં આવી છે. રાજયના આઠ મહાનગર પાલિકામાં આ સેવા પુરી પાડવામાં આવી છે. જે અંતર્ગત ગાંધીનગરમાં ધનવન્તરી રથનું આગમન થઈ ચુંકયું છે. ટુંક સમયમાં ગાંધીનગર શહેરી અને જીલ્લા વિસ્તારમાં બાંધકામના સ્થળો પર જઈ વાન દ્વારા શ્રમીક પરિવારોને આરોગ્યલક્ષી સારવાર નિશુલ્ક પુરી પાડવામાં આવશે. આ સેવા ગાંધીનગર જિલ્લાના શ્રમિક પરિવારો

**આ રથમાં શ્રમિક પરિવારોને તાવ, ઝાડા ઉલ્ટીની સારવાર, ચામડીના રોગોની સારવાર, સામાન્ય રોગોની સારવાર, નાની ઈજા, ડ્રેસીંગ વિગેરેની સારવાર, રેફરલ, નાના બાળકોની સારવાર, સર્ગભા માતાની પ્રાથમિક સારવાર, સહિતની સેવા ઉપલબ્ધ થશે. જયારે લેબોરેટરીની સેવામાં હિમોગ્લોબિન, મેલેરીયાની તપાસ, પેશાબ સબંધિત તપાસ, લોહીમાં સુગરની તપાસ સહિતની સેવાઓ બાંધકામ સાઈટ પર શ્રમિક પરિવારના લોકોને પ્રાપ્ત થશે**

માટે આશિર્વાદરૂપ સાબિત થશે.

રાજયમાં આરોગ્ય સેવા છેવાડાના માનવી સુધી પહોંચે તે માટેના પ્રયાસ સરકાર દ્વારા થઈ રહ્યા છે. ગુજરાત રાજય નિરોગી રાજય બને એટલા માટે રાજયમાં મકાન અને બાંધકામ ક્ષેત્રે સંકળાયેલા શ્રમયોગીને મફત આરોગ્યની સેવા બાંધકામના સ્થળે મળી રહે તે માટે મોબાઈલ હેલ્થ યુનિટની રચના કરવામાં આવી છે. ધનવન્તરી રથ ગુજરાત મકાન અને અન્ય બાંધકામ



શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા કરવામાં આવી છે. રાજયના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, જુનાગઢ અને ગાંધીનગર શહેરમાં આ સેવા મળી રહેશે. આ ધનવન્તરી આરોગ્ય રથનું સંચાલન અદ્યતન ટેકનોલોજી જેમ કે ઓનલાઈન ડેટા ટ્રાન્સફર, જીપીએસ, ટ્રેંકીગ સહિતની ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ રથમાં સંપૂર્ણ તાલીમ પામેલા તાલીમબધ્ધ કર્મચારીગણ કામગીરી કરશે. આ સેવાનું સંચાલન જી.વી.કે, ઈએમઆઈ, કે જે છેલ્લા આઠ વર્ષથી ૧૦૮ ઈમરજન્સી, ખીલખીલાટ, તેમજ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન સહિત આ સેવાનું પણ સફળ સંચાલન જી.વી.કે દ્વારા કરવામાં આવશે. ગાંધીનગરમાં આ સેવા આગામી દિવસોમાં કાર્યરત કરી દેવામાં આવશે.

## વાતવાતમાં

● કુડાસણમાં એક વેપારીએ દુકાન પર મહેમાન આવતા ચા મંગાવવા માટે ફોન કર્યો તો ચા વાળાએ ફોન કટ કર્યો અને તુરંત જ વ્હોટસએપ પર વેપારીને મેસેજ કર્યો કે 'ટોક યુ લેટર, આઈ એમ બીઝી'! ચા વાળાની આટલી ટેકનોલોજી સાથેની સજ્જતા જોઈ પેલો વેપારી અને તેનો મહેમાન બંને દંગ રહી જવા પામ્યા હતાં.

● ગાંધીનગરના મુખ્ય રાજમાર્ગ ઘ રોડના નવીનીકરણનું કાર્ય ઘ-૨ સર્કલે પહોંચ્યું અને ડામર પાથરવાનું મશીન બંધ પડી જવા પામ્યું છે. આ કારણે રોડ નિર્માણનું કાર્ય અટકી પડયું છે અને લગભગ દસેક કારીગરો આ મશીનને રીપેર કરવાની મથામણમાં લાગી પડયા છે.

● એકાએક ઠંડી અદશ્ય થઈ જતા નગરજનોને ભર શિયાળે રાત્રે પંખા ચાલુ કરવાની નોબત આવી ગઈ છે. હજુ એકાદ સપ્તાહ પહેલા રાજયમાં ઠંડુગાર બની ગયેલા શહેરમાં હવે તાપમાનનો પારો ૩૩ ડિગ્રી પહોંચી જવા પામ્યો છે.

● ઠંડી ઘટી જતા જ 'ન્યુ યર ઈવ પાર્ટી'ના આયોજકો રાજીના રેડ થઈ જવા પામ્યા છે. આજે આખો દિવસ નગરમાં નવરાત્રિની માફક જ 'પાસ'ની બોલબાલા જોવા મળી હતી.

● સે-૫ની પ્રેરણા વિદ્યાલયના બાળકોએ અપકમીંગ ગુજરાતી ફિલ્મ 'વિટામીન સી'ના શુટિંગમાં ભાગ લીધો હતો. આ ફિલ્મનો હિરો આર.જે. ધ્વનિત છે.

● વર્ષ ૨૦૧૫ ઘણી ખાટી મીઠી યાદો છોડીને વિદાય લઈ રહ્યું છે. ૨૦૧૬નું નૂતન વર્ષ વધુને વધુ ચહેરા પર મુસ્કાન રેલાવશે તેવી આશા સાથે સૌને નૂતન વર્ષાભિનંદન.

**- સમીર રામી,**
**મો. ૯૯૨૪૪૪૬૬૪૫**



ગાંધીનગર જિલ્લાના નારદીપુર ગામ કડવા પાટીદાર સમાજનું સ્નેહમિલન સમારોહ તાજેતરમાં અમદાવાદ રીંગરોડ પર આવેલ દાસ્તાન ફાર્મ પર યોજાયો હતો. આ સમારોહમાં મોટી સંખ્યામાં સમાજના ભાઈ બહેનો હાજર રહ્યા હતા. આ પ્રસંગે સમામજના જે.સી.પટેલ દ્વારા સમાજના ભાઈ-બહેનોને સામાજીક,શારીરીક. અને યુવાનોને વ્યસન મુકિત અંગે માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન નરેન્દ્ર પટેલે કર્યુ હતું.

# ભૂંડ-રોઝડા જાનવરોના ત્રાસ અંગે ચિંતન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત રાજય સીડસ પ્રોડયુસર્સ એસોસીએશન દ્વારા તાજેતરમાં ભૂંડ-રોઝડા તેમજ અન્ય જંગલી જાનવરના નિયંત્રણ અભિયાન અંગેની ચિંતન મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જંગલી જાનવરના ત્રાસથી ખેડૂતો ખેતી છોડવા મજબૂર બન્યા છે જેનું નિરાકરણ લાવવા માટે વિવિધ મુદ્દાઓ ઉપર મીટીંગમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ભૂંડ-રોઝડાનો ત્રાસ દિવસે દિવસે વધતો જતો હોવાથી તેમજ તેની સંખ્યા પણ દિન પ્રતિદિન વધતી જાય છે. ગુજરાતમાં આશરે ૨૨૫૦૦૦ જેટલી સંખ્યા થઈ ગઈ છે જેથી ખેડૂતોના પાકને નુકશાન પહોંચાડતા હોઈ ખેડૂતો ત્રાસી ખેતી છોડવા મજબૂર બન્યા છે ભૂંડ રોઝડાનો ત્રાસ અટકાવવા માટે વન વિભાગ, કૃષિ વિભાગ અને ખેડૂતો સાથે સંકલન કરી આ અભિયાન અવિરત ચાલુ રાખવું જોઈએ તે અંગે મીટીંગમાં સુચનો કરાયા હતા તેમજ સમસ્યાનો હલ લાવવા માટે સમસ્ત ગામના સીમાડાને ફેન્સીંગથી આવરી લેવામાં આવે તેવી રજુઆત કરી હતી તથા ખેતી પાકોમાં એવા જીન્સ ઉમેરવા કે જેથી જંગલી જાનવરો પાકને ખાઈ ન શકે. આ ઉપરાંત મીટીંગના અંતે ખેડૂતો માટે પ્રાણરૂપ પ્રશ્નોની શરૂઆત કરનાર ગુજરાત સીડસ પ્રોડયુસર્સ એસોસીએશનનો ખેડૂતોએ અભિનંદન પાઠવ્યા હતા.

**કલોલ રેડક્રોસ સોસાયટીની હેટ ટ્રીક**

## સતત ત્રીજા વર્ષે રાજયપાલના હસ્તે એવોર્ડ મેળવ્યો

ગાંધીનગર, તા.૩૧

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી માનવતાવાદી કામગીરીમાં ગુજરાતમાં આગવું સ્થાન ધરાવે છે. ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની રેડક્રોસ બ્રાંચ દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫માં ૫૪ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૧૯૨ બ્લડ યુનિટ સ્વૈચ્છિક રીતે પ્રાપ્ત કર્યુ હતું. રકતદાન કરવા અંગે બ્રાંચે બે મોટીવેશન કેમ્પનું પણ આયોજન કર્યુ હતું. આ કેમ્પમાં ૧૮૩ વ્યકિતઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત ફર્સ્ટ એઈડ ટ્રેઈનીંગના ૬ કેમ્પ યોજાયા હતા. શાળાના ૧૮૦ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી. કલોલ રેડક્રોસ સોસાયટી દ્વારા વર્ષ ૨૦૧૨-૧૩, ૨૦૧૩-૧૪માં પણ આવી જ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ વર્ષે પણ કામગીરી કાર્યરત કરવામાં આવશે. ગુજરાત રાજયના રાજયપાલ હસ્તક સતત ત્રણ વર્ષથી પારિતોષિક ટ્રોફી મેળવી છે. આમ સતત પારિતોષિક મેળવી બ્રાંચે જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. માનવતાવાદી કામગીરીની સફળતા માટે હરહંમેશ જાગ્રતતા દાખવી રેડક્રોસ સેવા કાર્ય માટે અગ્રેસર રહેવા પામ્યું છે.

# ઉનાવાની પોષ્ટ ઓફિસમાં ચલણ ના સ્વીકારાતા રોષ

ગાંધીનગર, તા.૩૧

સમગ્ર ગુજરાતમાં ડિજીટલ ઈન્ડિયા ઈ-ગર્વનન્સ, વાઈફાઈ અને સ્માર્ટ સીટીની મોટી મોટી વાતો થઈ રહી છે ત્યારે રાજયની રાજધાની ગાંધીનગર પાસેના ગામડાઓમાં જ આવેલી પોસ્ટ ઓફિસમાં આ તમામ વાત પોકળ સાબિત થઈ રહી છે તેનું તાજુ જ ઉદાહરણ ઉનાવા ગામની અદ્યતન સુવિધા ધરાવતી પોસ્ટ ઓફિસમાં જોવા મળ્યું છે.

ડિજીટલ યુગમાં માંડ માંડ પોસ્ટ ઓફિસ સુધી આવતા ગ્રાહકોની આ પોસ્ટ માસ્તરોને કે તંત્રને કોઈ જ પરવા નથી પરિણામે પોસ્ટ ઓફિસમાં કામકાજ અર્થે આવતા ગ્રાહકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે.

ગાંધીનગર નજીક ઉનાવા ગામે જિલ્લાની પ્રથમ સુવિધા યુકત પોસ્ટ ઓફિસ સ્વતંત્ર બિલ્ડીંગ ધરાવતી ઉભી કરવામાં આવી હતી. આ પોસ્ટ ઓફિસ બીએસએનએલની બ્રોડ બેન્ડ સુવિધાથી લેન કરવામાં આવી છે. પરંતુ આ આધુનિક સુવિધા ધરાવતી પોસ્ટ ઓફિસમાં છેલ્લા ઘણા સમયથી સ્ટાફના અભાવે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાના ચલણ ભરવા ગામના યુવાનોએ ગામની આટલી મોટી પોસ્ટ ઓફિસ છોડી છેક ગાંધીનગર સુધી આવવાની ફરજ પડે છે અને કલાકો સુધી સમય બગાડી મોટી લાઈનોમાં ઉભા રહેવાનો વારો આવે છે. ઉનાવા ગામના યુવાનોને રૂ. ૧૧૨નું ચલણ ભરવા માટે રૂ.૫૦



જેટલું તો આવવા જવાનું માત્ર ભાડુ થાય છે તો આ ઉનાવાની પોસ્ટ ઓફિસ શું કામની છે તેવું પણ રોષ સાથે જણાવી રહ્યા છે.

બીજી તરફ પોસ્ટ ઓફિસમાં ઈન્ટરનેટ બંધ છે અમે અહીં આ ચલણ નથી સ્વીકારતા, આ અમારી પોસ્ટ ઓફિસનું કામ નથી તેમ કહી ગ્રાહકોને મોટી મોટી કેપસુલ આપી કર્મચારીઓ દરરોજ કામચોરી કરી રહ્યા છે. આમ વારંવારની આ ઉનાવા પોસ્ટ ઓફિસમાં ચલણ ન ભરાતા હોવાની ફરિયાદ સામે ગામના યુવાનોએ રોષ વ્યકત કરી તાત્કાલિક યોગ્ય સુવિધા ઉભી કરાવી પોસ્ટ ઓફિસમાં પરીક્ષાના ચલણ સ્વીકારવામાં આવે તેવી ઉગ્ર માંગ કરી છે.

## એસ.વી. પટેલ વિદ્યામંદિરનો રમતોત્સવમાં ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા.૩૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સેકટર-૭ની સરદાર વલ્લભભાઈ પટેલ શાળાના વિદ્યાર્થીઓએ પૂજય છગનભા વિજયપદ્મ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં તેમણે સુંદર દેખાવ કરી શાળાનું ગૌરવ વધાર્યુ છે. જેમાં લાંબીકૂદમાં જમોડ મનીષા ધો-૯-એ-દ્વિતિય નંબરે તેમજ કેરમ સ્પર્ધામાં પરમાર નિર્મળ રાજુભાઈ ધો-૧૧ એ પ્રથમ નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે.

વ્યાયામ શિક્ષિકા શ્રી હેતલબેન દેસાઈ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આચાર્યાશ્રી વનિતાબેન બુટાણી તથા કોર્ડિનેટર શ્રી કાન્તીભાઈ પટેલે વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા. ૨૩ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

## જી.આઈ.પી.એસ.માં વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓનું પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર તાલુકાના રાંધેજા સ્થિત ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓનું પ્રદર્શનનું આયોજન કરાયું હતું. આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ પોતાની આંતરસૂઝથી નક્કામી વસ્તુઓનો ઉપયોગ કરી બેસ્ટ પ્રોજેકટ બનાવી રજૂ કર્યા હતા. આ કાર્યક્રમથી બાળકોને તેમની અંદર રહેલી કલાને બતાવવાનો મોકો મળ્યો હતો. શાળાના ટ્રસ્ટી તેમજ પ્રિન્સીપાલે પ્રદર્શનની મુલાકાત લઈ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપી બિરદાવ્યા હતા.

# દહેગામમાં સાત વર્ષના બાળક પર ડમ્પરનું ટાયર ફરી વળ્યું

ગાંધીનગર, તા.૩૧

દહેગામના એસ.ટી. સ્ટેન્ડ પાસે પોલીસ ચોકી નજીક આજે બપોરના અરસામાં હૃદય કંપાવી નાંખે તેવી ઘટના બનવા પામી હતી. ૭ વર્ષના ફુલસમા બાળકને તાવની દવા લેવા માટે માતા એકટીવા પર દવાખાને લઈ જઈ રહી હતી ત્યારે બેફામ ગતિએ નિકળેલા ડમ્પરે એકટીવાને અડફેટે લઈ લીધું હતું. આ અકસ્માતમાં રસ્તા પર પટકાયેલા ૭ વર્ષના બાળક પર ડમ્પરનું ટાયર ફરી વળતા તેની જીંદગી ચગદાઈ જવા પામી હતી. દહેગામ પોલીસે ડમ્પર મુકીને

**તાવની દવા લેવા બાળકને એકટીવા પર લઈને માતા દવાખાને જઈ રહી હતી ત્યારે કાળમુખા ડમ્પરે ટકકર મારતા માસુમ બાળકની જીંદગી ચગદાઈ ગઈ**

ફરાર થઈ ગયેલા ડમ્પર ચાલક સામે ગુનો દાખલ કરીને ઊંડી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ દહેગામના ગોમતી કોમ્પ્લેક્ષ ખાતે ઈલેકટ્રીક ચીજવસ્તુઓનો વેપાર કરતાં વેપારી ભરતભાઈ શાહના પૌત્ર અને દિપેનભાઈ શાહના ૭ વર્ષીય પુત્ર તનિશ શાહ દહેગામ ઈન્ટરનેશનલ સ્કુલમાં ધોરણ-૨માં અભ્યાસ કરે છે. તનીશ શાહને તાવ આવતો હોવાથી માતા નેહાબેન આજે તનીશ અને તેની નાની બહેન ૩ વર્ષીય ખુશીને એકટીવા પર બેસાડીને મોડાસા રોડ પર સ્થિત એક હોસ્પિટલ લઈ જઈ રહ્યા હતા. તે દરમિયાન એસ.ટી. સ્ટેન્ડ નજીક પોલીસ ચોકી સામે અમદાવાદ તરફથી માંતેલા સાંઢની માફક આવતી જીજે ૯ ઝેડ ૯૯૯૬ નંબરના ડમ્પરે એકટીવાને ટકકર મારતા એકટીવા પર સવાર ત્રણેય રસ્તા પર પટકાયા હતા અને રસ્તા વચ્ચે ફેંકાયેલા ફુલ સમા બાળક તનીશ પરથી ડમ્પરનું ટાયર ફરી વળતા કમકમાટી ભર્યું મોત નિપજયું હતું. આ ઘટનાથી સમગ્ર પંથકમાં બેફામ ફરતા ડમ્પર ચાલકો સામે રોષ ફેલાયો હતો અને વાતાવરણમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. દહેગામ પોલીસે ગુનો નોંધીને ફરાર ડમ્પર ચાલકની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## સિસિકા દ્વારા એમ્બ્યુલન્સ સેવા

ગાંધીનગર, તા.૩૧

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. વિશેષમાં કાઉન્સિલની એમ્બ્યુલન્સ વાન જરૂરિયાત મંદ દર્દીને દવાખાને પહોંચાડવાનું ઓછા ચાર્જથી કાર્ય કરે છે. કાઉન્સિલની એમ્બ્યુલન્સ વાનની સેવાનો નગરના નગરજનો બહોળા પ્રમાણમાં લાભ લઈ શકે તે માટે જરૂરિયાત મંદ નાગરિકોએ મો. ૯૮૨૪૬૮૦૨૭૧ પર સંપર્ક કરવા કાઉન્સિલના મંત્રી જીવણલાલ એલ. શાહે જણાવ્યું છે.

# હેન્ડસ ફોર હેલ્પ નવો ચીલો ચાતરશે

**તા. ૩૧મી ડિસેમ્બરે રાત્રે ગાંધીનગરની ફુટપાથ પર સૂતા જરૂરિયાત મંદોને હૂંફ પુરી પાડશે : નવા વર્ષનું સ્વાગત માનસિક રીતે વિશિષ્ટ બાળકોના ચહેરા પર સ્મિત રેલાવી કરશે**

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના યુવાનોમાં ૩૧મી ડિસેમ્બર ઉજવવા ભારે થનગનાટ જેવામળી રહ્યો છે.આ સાથે નૂતન વર્,ને ફ ધમાકેદાર રીતે વધાવા નરનું યૌવન ધન હિલોળે ચઢયું છે. જો કે નગરના કેટલાક યુવાનોએ ૩૧મી ડિસેમ્બરની ઉજવણી મોજ મસ્ત અન ડાન્સ વગેરે દ્વરા કરવાને દલે એખ નવો ચીલો ચાતરવાનું વિચાર્યુ છે. 'હેન્ડસ ફોર હેલ્પ' ગૃપના આ યુવાનો ૨૦૧૫ના વર્ષના છેલ્લા દિવસે જરૂરિયાતમંદોને હૂંફ થા નવાવર્,ની પ્રભાતે માનસિક રીતે વિશિષ્ટ બાલકોને 'પ્રેમ' આપી અનોખી ઉજવણી કરશે.

આજની યુવા પેઢીમાં દરેક વાર તહેવાર મોજ મસ્તીથી ઉજવવાનો ટ્રેન્ડ ધરાવે છે. જેમાં ૩૧મી ડિસેમ્બર એઠલે તો જાણે ડાન્સ એન્ડ ડ્રિન્ક ઉત્સવ. યુવાનો કલબમાં જાય, પાર્ટી કરે અને ઘણા નશાખોરી પણ કરે. જો કે ગાંધીનગરના કેટલાક યુવાનો આ બધાથી થોડુંક નોખું વિચારી ર્યા છે અને તેમ ાટે તેમણે વિશેષ આયોજન હાથ ધર્યુ છે. 'હેન્ડસ ફોર હેલ્પ' સંસ્થાના આયવાનો નવાવર્,ની ઉજવણી આ કહેવાતી રીતે કરવાને



જલે કોઈકન જીવનમાં ઉપયોગી બનીને કરવાનું વિચારે છે માટે જ તો તેમમે ગાંધીનગરના ગરીબ, શ્રમિક, જરૂરિયાતમંદ નાગરિકો જેમાં અનેક નાગરિકોનેતો માથે છતની ફણ સુવિધા નાોહવાતઈ આટલી કડકડી ઠંડીમાં ફુટપાથ પર સુ જવું પડે છે તે તમામને બ્લેન્કેટ ઓઢાડી પ્રમની હુંફ આપવાનું કાર્ય હાથ ધર્યુ છે. આ માટે તેઓ તા. ૩૧મી ડિસેમ્બરની રાત્રિએનગરની ફુટપાથો પર ફરી આસેવ કાર્યાથ ધરશે. હેન્ડસ ફોર હેલ્પ ગૃપમાં ઓસવાકીય પ્રવૃત્તિ ાસથે જયેન્દ્રસિંહ સોલંકી અને ધર્મેન્દ્ર પરમાર ઉજવણીકરશે જેમાં સંજય પરમાર અને અંજનાબેન નિમાવત સાથ આપવાના છે.

વર્ષ ૨૦૧૫ને આ રીતે વિદાય આપ્યા બાદ નૂતન વ્રષ ૨૦૧૬નું સ્વાગત પણ 'હેન્ડસ ફોર હેલ્પ' ગૃપ દવારા એક અનેરીસેવા પ્રવૃત્તિ દ્વારા કરવામાં આવશે. નવા વર્,નો પ્રારંભ તેઓ ગાંદીનગનરા માનસિક રીતે વિશિષ્ટ ાબળોકના ચહેરા પરસ્મિત રેલાવી કરશે. તા. ૧લી ાજન્યુઆરી ૨૦૧૬ના દિવસે મનસિક રીતે વિશિષ્ટ બાળકો માટે કાર્યરત સરગાસણ ખાતેની સસ્થા માનવ સ્મૃતિ શાલાના ભૂલકાઓ સાથે આ યુવાનો કેક કાપી નવ વર્ષની ઉજવણી કરશે. આ પ્રસંગે તમને વિવિધ આનંદપ્રદ રમતો રમાશે અને નસ્તો પણ કરાવશે. રોજીંદી દનિયાથીનોખા રહી ગયેલા આ બાળોકના ચહેરા પર સ્મિત ઝળકાવી તેમનું સમગ્ર વર્ષ આનંદમય પસાર ાય તેવી શુભેચ્છા પાઠવતા 'હેન્ડસ ફોર હેલ્પ'ના યુવાનો ધ્રમેન્દર પરમાર અને જયેન્દ્રસિંહ સોલકી સાથે અંજનાબેન નિમાવત અનો વિજયસિંહ મજીરાણા જોડાશે. યુવાનોના આ ઉદાત્ત કાર્યથી અનેક યુવાઓને પ્રેરણા મળશે અને સાચી ઉજવણીનો અર્થ સમજાશે.

## પંચશીલ પાર્ક અને વાસ્તુ નિર્માણ સોસાયટીનો સ્નેહમિલન સમારોહ યોજાશે

પંચશીલ પાર્ક અને વાસ્તુનિર્માણ સોસાયટી નિવાસી મંડળ દ્વારા આગામી તા. ૨ જાન્યુઆરીને શનિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે મહારાષ્ટ્ર ભવન, સે-૨૧ ખાતે સ્નેહમિલન અને તેજસ્વી તારલાઓનો અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સોસાયટીના તેજસ્વી તારલાઓનું અભિવાદન કરવામાં આવશે. આ સ્નેહમિલનમાં સોસાયટીના સર્વે વસાહતીઓને સહપરિવાર પધારવા મંડળના પ્રમુખ મહેશસિંહ રાઓલ અને મહામંત્રી દિપકભાઈ પ્રજાપતિએ જણાવ્યું છે.

## બેતાલીસ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ દ્વારા સ્નેહમિલન યોજાશે

બેતાલીસ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ દ્વારા આગામી તા. ૩ જાન્યુઆરીને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે પેથાપુરના સુખડેશ્વર મહાદેવ ખાતે સ્નેહમિલનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં દરેક સભ્યોને સમયસર પધારવા મંડળના મંત્રી ખેમચંદભાઈ પટેલે અનુરોધ કર્યો છે.

## ચિરવિદાય

- સ્વ. સુથાર જશોદાબેન લક્ષ્મણભાઈ, ઉ.વ.૮૦
- સ્વ. ઠાકોર લક્ષ્મણજી સોનાજી, ઉ.વ.૫૦